ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું

મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

Visit us on our Website : www.gshstf.blogspot.com

વર્ષ : ૦૨ અંક : ૦૩ તા. ૧૫-૯-૨૦૧૪ સળંગ અંક : ૦૮

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ-૩૦.
(મો.) ૯૪૨૬૫૫૧૧૯૯
ફોન : ૨૨૮૧૨૭૨૮

: મહામંત્રી :
**વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: સહતંત્રી :
**અરવિંદ જે. પટેલ-આણંદ**
૯૯૦૪૧૬૪૮૦૮
**તુલસી મકવાણા-અમરેલી**
૯૪૨૬૨૩૩૯૯૨

: સહ સંપાદક :
**ભરતભાઈ વી. વ્યાસ-અમદાવાદ**
૯૪૨૭૪૦૦૩૩૨
**પરમાર વિરેન્દ્રસિંહ - નર્મદા**
૯૮૭૯૯૨૫૩૬૮

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી મહેશભાઈ આર. પટેલ (અમદાવાદ જિલ્લો)
(૨) શ્રી વિજય પી. પટેલ (મહેસાણા જિલ્લો)
(૩) શ્રી કમલેશ કે. પટેલ (સાબરકાંઠા જિલ્લો)
(૪) શ્રી ભૂપેન્દ્ર જી. મહંત (ગાંધીનગર જિલ્લો)
(૫) શ્રી કિશોરભાઈ વી. ઉભડીયા (મોરબી જિલ્લો)
(૬) શ્રી એસ. કે. પટેલ (તાપી જિલ્લો)
(૭) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૮) શ્રી રોહીત એસ. પટેલ (અરવલ્લી જિલ્લો)
(૯) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૧૦) શ્રી ભરતભાઈ પંડ્યા (મહીસાગર જિલ્લો)
(૧૧) શ્રી નિલેશભાઈ મોઢવાડીયા (પોરબંદર જિલ્લો)

**ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ**

(૧) શ્રી જયંતીલાલ એમ. ગડારા (રાજકોટ)
(૨) શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)
(૩) શ્રી મહેશભાઈ એ. પટેલ (અમદાવાદ શહેર)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
| --- | --- | --- |
| શ્રી પંજકભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી ભરતકુમાર આર. પટેલ | ઉપપ્રમુખ | આણંદ |
| શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | ઉપપ્રમુખ | પાટણ |
| શ્રી વસંત એલ. પટેલ (નેસ્કર) | ઉપપ્રમુખ | સુરત |
| શ્રી પ્રતિકકુમાર એસ. પટેલ | ઉપપ્રમુખ | વડોદરા |
| શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | પ્રાદેશીક મંત્રી | નડીયાદ |
| શ્રી ભરતભાઈ એ. પટેલ | પ્રાદેશીક મંત્રી | મહેસાણા |
| ડૉ. લીલાભાઈ બી. કડછા | પ્રાદેશિક મંત્રી | રાજકોટ |
| શ્રી નરસિંહ પી. ચૌધરી | પ્રાદેશિક મંત્રી | બનાસકાંઠા |
| શ્રી ભરતભાઈ આર. પટેલ | સહમંત્રી | સાબરકાંઠા |
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સહમંત્રી | પંચમહાલ |
| શ્રી ભરતભાઈ બી. વઢેળ | સહમંત્રી | સુરેન્દ્રનગર |
| શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | સહમંત્રી | દાહોદ |
| શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | સંગઠનમંત્રી | વલસાડ |
| શ્રી ચંદ્રકાન્ત બી. પટેલ | સંગઠનમંત્રી | નવસારી |
| શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી રાજુભાઈ બી. ભટ્ટ | ખજાનચી | ભુરૂચ |
| શ્રી મહાવીરસિંહ એન. વાળા | અન્વેષક | જૂનાગઢ |

હાયર મેસેજ **જાહેરાતના દર** વર્ષ : ૦૨
કુલ : ૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા |
|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૨,૫૦૦ |
| સાદું પેજ | ૮,૦૦૦ |
| ફોર કલર અંદર | ૧૦,૦૦૦ |
| ફોર કલર બે પાન અંદર (વચ્ચે) | ૨૫,૦૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ એપ્રિલ-મે થી ફેબ્રુ.-માર્ચ સુધીનું ગણાશે.
- વર્ષ-૦૨ અંક -૦૧એપ્રિલ-મે તા. ૧૫-૫-૨૦૧૪
  - અંક-૨ જૂન-જુલાઈ તા. ૧૫-૭-૨૦૧૪
  - અંક-૩ ઓગસ્ટ-સપ્ટે. તા. ૧૫-૯-૨૦૧૪
  - અંક-૪ ઓક્ટો.-નવે. તા. ૧૫-૧૧-૨૦૧૪
  - અંક-૫ ડીસે.-જાન્યુ. તા. ૧૫-૧-૨૦૧૫
  - અંક-૬ ફેબ્રુ.-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૫
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૦૨મા માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

# ...સંપાદકીય...

સંપાદકીય...
સારસ્વત મિત્રો...,

જય સરસ્વતી...!!!

- હાયર મેસેજનો આ વર્ષ : ૦૨ નો અંક ૦૩ છે.
- એપ્રિલ-મે,૨૦૧૪થી હાયર મેસેજનું બીજુ વર્ષ શરૂ થશે.
- હાયર મેસેજના બીજા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.
- **જે અંકથી આપશ્રીને પ્રથમ અંક મળે ત્યારથી છ અંક આપને મળશે.**

**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર (મુખ્ય સંપાદક)**
**૪૧, ડાહ્યાલાલ પાર્ક,**
**કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ-૩૦.**

- **ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી એપ્રિલ થી મે બે માસમાં જ વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો.**

હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર. હાયર મેસેજ ટાઈટલને દિલ્લીથી મંજુરી મળેલ છે. આર.એન.આઈ. નંબર ની મંજુરી દિલ્હીથી મળેલ છે.

**આપનો, પ્રવિણસિંહ ડી. પરમાર**
**મુખ્ય સંપાદક, હાયર મેસેજ**

## મુંઝવણ અને માર્ગદર્શન

આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.

**નીતીન ટી. પંડ્યા**
બી-૨, નવનીધી એવન્યુ, મેમનગર, અમદાવાદ.
મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



**પંકજભાઈ કે. પટેલ**

શિક્ષક મિત્રો,

હાયર મેસેજ વર્ષ બે ઓગષ્ટ-સપ્ટેમ્બર ૧૫-૯-૨૦૧૪ અંક-૨ સળંગ અંક ૦૮ છે. નિયમિત અંક આપની સમક્ષ મુકતા આનંદ અનુભવીએ છીએ. હવે હાયર મેસેજના નવા સભ્યો એપ્રિલ-મે-૨૦૧૫ માં બનાવાશે. જેમાં આપ સૌ સહભાગી થશો.

ઓગસ્ટ - સપ્ટેમ્બર માસ દરમિયાન પ્રશ્નોના ઉકેલની ગતિશીલતામાં ઘટાડો થયેલ છે. છતાં આપણે રજૂઆતમાં કોઈ ઘટાડો કરેલ નથી. એન્ટ્રીલેવલ પે-સ્કેલ માટે પુનઃ રજૂઆત ઝુંબેશ ચાલુ કરેલ છે તે અંગે મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, શિક્ષણ સચીવશ્રી, નાયબ શિક્ષણ સચિવશ્રી, શિક્ષણ કમિશ્નરશ્રી, નાણાં સચીવશ્રી, નાયબ નાણાં સચીવશ્રીને રજૂઆત કરેલ છે. તા. ૨૩-૯-૧૪ ના રોજ બનાસકાંઠાના મિત્રો સહીત શંકરભાઈ ચૌધરી તથા શિક્ષણ મંત્રીશ્રીને રજૂઆત કરેલ છે. તા. ૨૪-૯-૧૪ ના રોજ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા, નાયબ સચીવશ્રી (શિક્ષણ) મિસ્ત્રી સાહેબ, નાયબ નાણાં સચીવશ્રી સેઈલર સાહેબની હાજરીમાં મહામંડળના પ્રમુખશ્રી પંકજભાઈ પટેલ, પ્રાદેશીક મંત્રીશ્રી ભરત પટેલની હાજરીમાં એન્ટ્રીલેવલ પે સ્કેલ માટે મિટીંગ મળી હતી. જેમાં મા. **મંત્રીશ્રીએ સેઈલર સાહેબ**ને જણાવ્યું હતું કે આ લોકોની દિવાળી સુધારવાની છે. દિવાળી પહેલા પ્રશ્નનો ઉકેલ લાવવા જણાવ્યું હતું. **મા. સેઈલર સાહેબે** જણાવ્યું કે અમુક માહિતી મંગાવી છે જે આવી જતા પોલીસી અંગે નિર્ણય લેવાશે. રક્ષણના કાયમી ઠરાવની કાર્યવાહી ચાલુ છે. તે અંગે શિક્ષણમંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરેલ છે.

ઉપરોક્ત બંને પ્રશ્ન અંગે ભાવી નીતિ મહામંડળની મિટીંગમાં ઘડવામાં આવશે. હવે સહનશીલતાનો અંત આવી ગયો છે. એક ને ગોળ અને બીજાને તે જ પ્રશ્ન માટે ખોળ તેવી નીતી યોગ્ય નથી.

૨૦ વર્ષે ઉદ્યોગ શિક્ષકનું લોકલ ફંડ કચેરી દ્વારા ફિક્સેશન કરાતુ નથી તે અંગે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી દ્વારા અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર ડી.ઈ.ઓ. શ્રીને ટ્રીબ્યુનલમાં કેસ જીતેલ શિક્ષકશ્રીના કિસ્સામાં અપીલ કરેલ છે કે કેમ તે અંગેનો પત્ર લખેલ છે. અમદાવાદ ગ્રામ્ય ડી.ઈ.ઓ. દ્વારા અપીલ કરેલ નથી તેવો પત્ર સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી મોકલી આપેલ છે. બંને પત્રો આ અંકમાં સામેલ છે. અમદાવાદ શહેર ડી.ઈ.ઓ. નો જવાબ પણ અંકમાં સામેલ છે.

લોકસભા, વિધાનસભાની પેટાચુંટણીની આચાર સંહિતા શિક્ષણ કમિશ્નરશ્રી તથા નાયબ સચીવશ્રી અને શિક્ષણ સચીવશ્રીની બદલીને કારણે કામની ગતિશીલતામાં ઘટાડો થયેલ છે. ઉદ્યોગ શિક્ષક જે મદદનીશ શિક્ષકની લાયકાત ધરાવે છે તેમની પોસ્ટ મદદનીશ શિક્ષકમાં રૂપાંતર કરવા કમિશ્નર કચેરી દરખાસ્ત કરે તેમ છે. પરંતુ બધા માટે કમિશ્નરશ્રીની સંમતિ હાલ આ કમિશ્નર આપે તેમ નથી.

ગ્રંથપાલ જે '૯૫ પછી નવ વર્ષ પૂર્ણ કરે છે તેમને ૫૦૦૦ના પગાર ધોરણ અંગે દરેક જિલ્લા પ્રમુખ દ્વારા પોતાના જીલ્લામાંથી ડેટા કલેકશન માટે માહિતી મંગાવી છે જેનું પત્રક આ અંકમાં સામેલ છે. આપશ્રીને આ બાબત અસર કરતી હોય તો આપના જિલ્લાના પ્રમુખશ્રીને તે માહિતી નિયત પત્રકમાં પહોંચાડવી. જેથી ભાવી નીતિ ઘડી શકાય.

ગુ.મા. અને ઉ.મા. બોર્ડમાં પુનઃ ધો. ૧૧-૧૨માં સળંગ એકમના ભાગરૂપે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બે શિક્ષકોનો રેસીયો કરવો તેવી દરખાસ્ત માધ્યમિક સભ્યશ્રી દ્વારા મુકવામાં આવી હતી. જેનો જબરજસ્ત

વિરોધ આપણા ત્રણેય સભ્યશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. **પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલ, પૂર્વ પ્રમુખશ્રી જગદીશ ભટ્ટ, પૂર્વ બોર્ડ સભ્યશ્રી નીતીન પંડ્યા** દ્વારા સંપર્ક કરી દરખાસ્ત મંજુર ન થાય માટે અભિયાન આદર્યું હતું. જેના ફળ સ્વરૂપે સભામાં દરખાસ્તમાં ફેરફાર કરી ઉચ્ચતર માધ્યમિકમાં અઢીનો રેશિયો જ સ્વીકારવામાં આવ્યો અને જ્યાં ફકત ૯-૧૦ એક જ વર્ગની શાળા માધ્યમિકની હોય ત્યાં આચાર્ય સહીત ચાર શિક્ષકોની દરખાસ્ત મંજુર કરી સરકારશ્રીમાં વિનીયમ સુધારણા માટે મોકલવાનું નક્કી થયું હતું. તે બદલ **ત્રણેય સભ્યશ્રી જયંતિલાલ ગડારા, પ્રકાશચંદ્ર પટેલ, મહેશભાઈ પટેલનો** મહામંડળ આભાર માને છે. **જયંતીલાલ ગડારાએ** કારોબારીમાં પણ તે અંગે ધારદાર રજુઆત કરી હતી તે બદલ તેઓનો ખાસ આભાર.

તા. ૫મી સપ્ટેમ્બર' ૧૪ શિક્ષક દિને **મુખ્યમંત્રી મા. શ્રીમતી આનંદીબેન પટેલના મુખ્ય અતિથી સ્થાને અને મા. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા, પ્રો. વસુબેન ત્રિવેદી, શ્રી નાનુભાઈ વાનાણી ના અતિથિ વિશેષ સ્થાને** શિક્ષકદિન નો કાર્યક્રમ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયો હતો. **મા. ભૂપેન્દ્રસિંહ ચુડાસ્માએ** મનુષ્ય તુ બડા મહાન હે ની ભાવના સાર્થક કરવા **ટામેટા દિવસ નહીં ઉજવતા ટામેટા જરૂરીયાત મંદ વ્યક્તિઓને આપવા પર ભાર મુંક્યો** હતો અને શિક્ષકના પવિત્ર વ્યવસાય દ્વારા વિદ્યાર્થી કલ્યાણ અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા શિક્ષકોને આહવાન કર્યું હતું.

**મા. શ્રીમતી આનંદીબેન પટેલ** જેઓએ નજીકની પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક એવોર્ડ વિજેતા શિક્ષક જઈ ભણાવે, પ્રા. શાળાના એવોર્ડ વિજેતા શિક્ષક અંગે આંગણવાડી દત્તક લે, તેવું જણાવ્યું હતું. ઉપલબ્ધ સાધનો દ્વારા શિક્ષણ આપવાની શીખ આપી હતી. કાંકરા લઈ ગણિતમાં સરવાળા-બાદબાકી શીખવવી તેવું સુંદર ઉ.દા. આપ્યું હતું. સૌ સાથે મળી સફાઈ ઝુંબેશ, પ્રા. થી કોલેજ સુધી સમાન ટાઈમ ટેબલ લાવવા જણાવ્યું હતું. તેઓશ્રીએ તેમનો શ્રેષ્ઠ સમય **મોહિના બા કન્યા વિદ્યાલય, આશ્રમ રોડ, ખાતેની** તેમની સેવાનો જણાવ્યું હતું. શિક્ષકનું સન્માન શિક્ષણ જગતનું સન્માન ગણાવ્યું હતું. **મા. મુખ્યમંત્રીશ્રી, મા. શિક્ષણમંત્રીશ્રી બંન્નેએ એવોર્ડ વિજેતા શિક્ષકને** અભિનંદન આપ્યા હતા અને સાથે સામુહીક ફોટા પડાવ્યા હતા. સૌ એવોર્ડ વિજેતા શિક્ષકને અભિનંદન. ખાસ ઉચ્ચતર શિક્ષકો જેવો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે તેવા **શ્રી નટુભાઈ લાડાણી - ગાંધીનગર, પિયુષકુમાર જોષી - ડીસા, મનીષકુમાર પટેલ - ઘાટલોડીયા, રામભાઈ ચારણ- હિંમતનગર ને** ખાસ અભિનંદન.

CCC ની પરીક્ષા GTU ના કેન્દ્રો દ્વારા લેવા અંગેની ઝુંબેશ પુર જોશમાં ચાલુ છે. 10000 કરતાં વધુ ઉમેદવારની પરીક્ષા આ કેન્દ્રો દ્વારા તાકીદે ક્રમશઃ લેવાશે. આપશ્રી તેમાં રજીસ્ટ્રેશન કરાવી શકો છો. જેઓએ નવ-વીસ ઉચ્ચતર પગાર ધોરણ લીધા પછી CCC પરીક્ષા પાસ કરી છે તેઓને ઘણા જિલ્લામાં CCC પાસ કર્યા પછીની તારીખે લાભ આપવા અંગે પરિપત્રો કર્યા છે. જે અંગે જી.એ.ડી.માં મહામંડળ દ્વારા રજૂઆત કરેલ છે.

તા. ૧૯-૯-૧૪ ના રોજ દિલ્હી ખાતે **'વર્લ્ડ ક્વોલીટી એજ્યુકેશન'** અંગે રેલી જંતરમંતર ખાતે રાખેલ છે. તેમાં મહામંડળના પ્રતિનીધીઓ સ્વખર્ચે દિલ્હી જઈ આપણું પ્રતિનીધીત્વ કરશે. 'ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ટીચર્સ ઓર્ગેનાઈજેશન' સાથે આપણા જોડાણના ભાગ રૂપે આપણે 'BETTER EDUCATION FOR A BETTER WORLD' - 'UNITE FOR QUALITY EDUCATION FOR ALL' રેલીમાં ભાગ લઈશું. તા. ૨૨-૭-૧૫ થી ૨૬-૭-૧૫ સુધી **વર્લ્ડ કોન્ફરન્સ, ઓટાવા, કેનેડા** ખાતે છે જેમો સ્વખર્ચે મહામંડળના પ્રતિનીધીઓ ભાગ લશે.

ઉ.મા. વિભાગમાં ૨૦૭૭ શિક્ષકોની ભરતી ના હુકમ થયેલ છે. ટૂંક સમયમાં નવી જાહેરાત ઉ.મા.વિભાગમાં ભરતી અંગેની આવશે. જેની પ્રક્રિયા ચાલુ છે. તેમાં ૩૫૦૦ કરતાં વધુ શિક્ષકો લેવા અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં થશે. નવરાત્રીનું પર્વ આવે છે સૌ શિક્ષકોને નવરાત્રીની શુભેચ્છા. સાથે નવા વર્ષના એડવાન્સમાં "HAPPY NEW YEAR"

**પંકજભાઈ પટેલ, પ્રમુખ, ગુ.રા.ઉ.મહામંડળ**

## ઉદ્યોગ શિક્ષકના ૨૦ વર્ષના ફિક્સેશન અંગે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીને પત્ર

ક્રમાંક : ઉમશ/ઉમા-૨/સંઘપ્રશ્ન/૨૦૧૪-૪૭૮૯-૯૧
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯, પહેલો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૨૫-૦૭-૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ (શહેર)
બહુમાળી ભવન, સેટેલાઈટ,
અમદાવાદ.

**વિષય : ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવતાં ઉદ્યોગ શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત. (શ્રી બી. બી. ત્રિવેદી - ઉદ્યોગ શિક્ષક)**

**સંદર્ભ :**

(૧) ગુજ. ઉચ્ચ. માધ્ય. શિક્ષણ પંચ અમદાવાદની અરજી નં. ૬૨/૨૦૧૦ ઉપર તા. ૨૪-૬-૧૩ અને તા. ૧-૭-૧૩ નો ચુકાદો.

(૨) નિરીક્ષક સ્થાનિક ભંડોળ - હિસાબની કચેરી, ગુ.રા. ગાંધીનગરનો પત્ર નં. એલ/એચક્યુ/ઉ.પ.ધો./ઉ.શિ./૨૦૧૩/૨૧૨૩ તા. ૧-૧૧-૨૦૧૩

(૩) નિરીક્ષક સ્થાનિક ભંડોળ - હિસાબની કચેરી, ગાંધીનગરનો પત્ર નં. એલ.એચ.ક્યુ/ઉ.પ.ધો./શેટી-પે/૨૦૧૪/૨૫૮ તા. ૨૪-૧-૨૦૧૪ તથા પત્ર નં. ૬૬૧ તા. ૭-૩-૧૪ અન્વયે.

(૪) ગુજ. રાજ્ય ઉચ્ચ. માધ્ય. શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખની તા. ૧૭-૬-૨૦૧૪ અને ૧૫-૭-૧૪ ની રજુઆત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે આપના જિલ્લા હસ્તક આવેલ શારદા શિશુ.વિહાર ઉચ્ચતર માધ્યમિક શાળા, વેજલપુર રોડ, અમદાવાદ-૫૧ મથકે ચાલતી શાળાના ઉદ્યોગ શિક્ષક શ્રી બી.બી. ત્રિવેદી એમના દ્વારા સંદર્ભ-૧માં જણાવેલ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ અમદાવાદમાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે દરખાસ્ત અરજી દાખલ કરવામાં આવેલ હતી. જેનો ચુકાદો તા. ૨૪-૬-૧૩ અને તા. ૧-૭-૨૦૧૩ થી આવેલ છે.

ઉક્ત કર્મચારીના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગે આ કચેરીને સંદર્ભ-૨ અને ૩ માં જણાવેલ નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગર તરફથી અવારનવાર નામ. ટ્રિબ્યુનલની અરજી નં. ૬૨/૨૦૧૦ માં તા. ૨૪/૬/૨૦૧૩ અને તા. ૭/૩/૧૪ ના રોજ આપેલ ચુકાદા અન્વયે આપની કચેરી દ્વારા ચુકાદા સામે અપીલ કરવામાં આવેલ છે કે કેમ? તથા જો અપીલ કરવામાં આવેલ હોય તો આવા કેસોની ચકાસણી કરી આપવી કે કેમ ? તે બાબતે આપનું મંતવ્ય તાત્કાલિક દિન-૧૦માં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ દર્શિત નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીનો સંદર્ભ-૨ અને ૩ માં જણાવેલ પત્રોની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જેને ધ્યાને લઈ શિક્ષણ વિભાગના ઠરાવોની જોગવાઈઓ ધ્યાને લઈ સત્વરે આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦+૨ ખાસ ઘટક,
ગુ. રા. ગાંધીનગર

•

## વસ્તી ગણતરીની રજા અંગે

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર વસ્ત્રાપુર અમદાવાદ**

**બ્લોક-એ, બહુમાળી ભવન, ભોહતળીએ, સરકારી વસાહત પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ**

**પરિપત્ર**

જિશિઅ./માધ્યમિક/૨૦૧૪-૧૫/૭૦૫૦

તા. ૧૪-૦૮-૨૦૧૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર,
અમદાવાદ

**વિષય : વેકેશન દરમિયાન વસ્તી ગણતરીના કામે રોકાયેલ શિક્ષકોને મંજુર કરવા બાબત**

**સંદર્ભ :**

૧. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૨૦૦૦/૭૫૨-ગ/તા. ૨૬-૦૭-૨૦૦૦.
૨. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩૨૦૦૯-૨૦૮૯-વ-૨/તા. ૮-૨-૧૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે વેકેશન દરમિયાન સરકારી કામે રોકાયેલા શિક્ષકોને વેકેશન દરમિયાન શૈક્ષણિક કાર્ય સિવાય અથવા અન્ય કામગીરી સોંપવામાં આવે ત્યારે મુંબઈ મુલ્કી સેવાના નિયમોના નિયમ-૯ તથા ગુજરાત માધ્યમિક શિક્ષણના વિનિયમો વિનય ૩૦ (૭) (ક) મુજબ વેકેશન વિભાગના કર્મચારીઓના તા. ૨૧-૪-૧૦ થી તા. ૪-૬-૧૦ સુધીના સમય ગાળા દરમિયાન કરેલ કામગીરી બદલ આ અંગેના નિયમો અનુસાર મળવા પાત્ર વળતર રજાઓ મંજુર કરવાની રહેશે તથા શિક્ષણ વિભાગના તા. ૨-૭-૧૯૯૯ના ઠરાવ થી શિક્ષણ સહાયક યોજના અમલમાં મુકતા શિક્ષણ સહાયકોને તેઓને જેટલા દિવસની વસ્તીગણતરીની કામગીરી બજાવેલ હોય તેટલી રજાઓની ખાતરી કરી તેટલી વળતર રજાઓ ખાસ કિસ્સામાં આપવાની રહેશે અને તે અંગેની નોંધ સર્વિસ બુકમાં કરવાની રહેશે.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર, અમદાવાદ**

●

## અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર જિલ્લા શિક્ષિણાધીકારીશ્રી દ્વારા સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીને પત્ર

ક્રમાંક અગ્રાવિ/માધ્યમિક/૨૦૧૪-૧૫/૭૧૩૮-૩૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર,
બ્લોક-એ બહુમાળી ભવન,
ભોહતળીએ, સરકારી વસાહત પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ.
તા. ૨૦-૦૮-૧૪

પ્રતિ
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
૧૦+૨, ખાસ ઘટક
કમિશ્નર શાળાઓની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર

**વિષય : ઉચ્ચતર માધ્યમિક વિભાગના ફરજ બજાવતા ઉદ્યોગ શિક્ષકના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.**

**શ્રી બી. બી. ત્રિવેદી, ઉદ્યોગ શિક્ષક**

**સંદર્ભ : આપશ્રીના પત્રક્રમાંક ઉમશ/ઉમા-૨/સંઘ પ્રશ્ન/ ૧૪/૪૭૮૯-૯૧ તા. ૨૫-૭-૧૪.**

શ્રીમાન,

જયભારત સહ સવિનય આપશ્રીને ઉપરોક્ત વિષય અને આપના સંદર્ભદર્શિત પત્ર પરત્વે જણાવવાનું

કે અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળની બિન સરકારી (ગ્રાન્ટેડ) શારદા શિશુ વિહાર જીવરાજ પાર્ક, વેજલપુર અમદાવાદ ખાતે ઉ.મા. વિભાગમાં ઉ.મા. ઉદ્યોગ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી બી.બી. ત્રિવેદીના ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલમાં અરજી નં. ૬૨/૨૦૧૦ પરત્વે નામદાર ટ્રિબ્યુનલે તા. ૨૪-૪-૧૩ થી આપેલ ચુકાદા અન્વયે જિલ્લા નિરીક્ષક સ્થાનિક ભંડોળ અમદાવાદ ધ્વારા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ છે.

નામદાર ટ્રિબ્યુનલમાં આપે ચુકાદા અન્વયે અત્રેની કચેરી દ્વારા ચુકાદા સામે અપીલ કરવામાં આવેલ નથી. જે આપશ્રીને વિદિત થાય.

**આપનો વિશ્વાસુ**
**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર, અમદાવાદ**

●

## અમદાવાદ શહેર જિ.શિ. દ્વારા સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીને પત્ર

## છુટા થયેલ શિક્ષક પુનઃ નોકરીમાં લેવાયા તેઓનો આભાર દર્શન પત્ર

**ચૌધરી રીશીદત્તા બી. (મ.શિ.)**
**દેસાઈ ગાયત્રી કે. (મ.શિ.)**
**શ્રી એન. જી. પટેલ હાઈસ્કૂલ,**
**તાજપોર, તા. બારડોલી**

પ્રતિ, પ્રમુખશ્રી,
ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્મય વિભાગ શિક્ષક સંઘ,
અમદાવાદ

**વિષય : આભાર દર્શન**

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે અમો સદરહુ કર્મચારી બહેનો શ્રી એન. જી.પટેલ હાઈસ્કૂલ, તાજપોર, તા. બારડોલી, જિ. સુરત ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વિજ્ઞાન પ્રવાહમાં ફરજ બજાવતાં હતાં. સરકારશ્રીની નવી શિક્ષણ નીતિને કારણે વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે સંચાલક મંડળે શાળા બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. જેના અનુસંધાનમાં તા. ૧૦-૬-૨૦૧૪ ના રોજ જીલ્લા શિક્ષણાધિકારશ્રીની કચેરી, સુરત ખાતે સુનાવણી રાખવામાં આવી હતી, જેમાં અમોને તા. ૧૫-૦૬-૨૦૧૪ સુધી જ ફાજલ શિક્ષક તરીકેનું રક્ષણ અમારી નિણૂંક ૧૯૯૮ પછી હોવાને કારણે આપવામાં આવ્યું હતું. પરંતુ તા. ૧૫-૬-૨૦૧૪ પછી સરકારશ્રીને પ્રસ્તુત બાબતમાં કોઈ જ નિર્ણય નહિ લેતા માનનીય શ્રી જીલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત અમોને ૧૯૯૮ પછી નિમણૂક હોવથી નોકરીમાંથી છૂટા થયેલ જાહેર કરનાર હતાં. પરંતુ ગુજરાત રાજ્ય ઉચ્ચ. માધ્ય. વિભાગ શિક્ષક સંઘના સક્રિય અને શિક્ષકોના પ્રશ્ને હંમેશા જાગૃત એવા પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલના કાયદાકીય સલાહસૂચનો તેમજ માર્ગદર્શન થકી અમોને શિક્ષક તરીકે નવજીવન પ્રાપ્ત થયું છે,જે બદલ અમો શ્રી પંકજભાઈ પટેલ સાહેબનાં ખૂબ ખૂબ આભારી છીએ.

માનનીય પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ સાહેબે પ્રસ્તુત બાબતમાં ખૂબ જ સરાહનીય ગાઈડલાઈન આપી. તેઓ સમગ્ર ગુજરાત રાજ્યનાં શિક્ષકોનાં પ્રશ્નોની બાબતમાં ખૂબ જ ગતિશીલ અને જાગૃત છે, જે ખૂબ જ પ્રશંસનીય છે.

સાહેબશ્રી, આપશ્રીને ખૂબ જ નમ્ર વિનંતી કે ભવિષ્યમાં પણ કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તો આપશ્રી હંમેશા અમારી પડખે રહેશો અને સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૯૯૮ પછી નિમણૂંક પામેલા શિક્ષકોને યોગ્ય ન્યાય અપાવશો.ફરીથી સાહેબશ્રી આપનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

**આપના વિશ્વાસુ**
**ચોધરી રીશીદત્તા બી.**
**દેસાઈ ગાયત્રી કે.**

## CCC ની પરીક્ષા અંગે

શિક્ષક મિત્રો,

CCC ની પરીક્ષા જી.ટી.યુ.ના કેન્દ્ર દ્વારા લેવાય છે. CCC ની પરીક્ષાનું રજીસ્ટ્રેશન ઓનલાઈન જ થાય છે. ઓનલાઈન સિવાય રજીસ્ટ્રેશન થતુ નથી. તેને વેબસાઈટ www.ccc.gtu.ac.in પર નોંધણી કરાવી શકો છો. નોંધણી પ્રક્રિયા ખુબજ ઝડપથી કરવી જેથી નોંધણી સમય પૂર્ણ થતા પહેલા આપની રજીસ્ટ્રેશન થઈ શકે. વારંવાર આ વેબસાઈટ જોતા રહેવું અને રજીસ્ટ્રેશન બાકી હોય તો કરવું.

રજીસ્ટ્રેશન ફી ક્રેડીટ કાર્ડ કે ડેબીટ કાર્ડ કે ચરણથી ભરી શકાય તે માટે નીચેની લીંકનો ઉપયોગ કરવો. https : //www.onlinesbi.com/prelogin/institutiointypedisplay.htm.

CCC ની પરીક્ષા ફી રૂા. ૨૦૦/- થીયરી અને પ્રેકટીકલ માટે , રૂા. ૧૦૦/- ફક્ત થિયરી માટે અને રૂા. ૧૦૦/- ફક્ત પ્રેકટીકલ માટે છે.

ઓન લાઈન અરજી કરતાં આપનું રજીસ્ટ્રેશન થાય ત્યારે આપના મોબાઈલ કે ઈમેઈલ ઉપર રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ આવશે જે અરજીમાં સુધારા વધાવા કરવા માટે કામ આવી શકે.

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.રા.ઉ.મા. મહામંડળ**

●

## ઉ.મા. વિભાગમાં જ કાર્યની સોંપણી અંગે

જા.નં. ઉમબ/ઉમશ/૩૦૨/૯૦-૯૧/ક-૧/૨૪૪૬-૨૪૬૫
સંયુક્ત શિક્ષણ નિયામકની કચેરી,
૧૦+૨, ખાસ ઘટક, પાટનગર યોજના ભવન,
એલીસબ્રીજ, અમદાવાદ-૬.
તા. ૧૨-૬-૯૦

**પરિપત્ર :**

ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે નિમાયેલ શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિકમાં જ કામગીરી સોંપવા બાબતે શિક્ષણ વિભાગના તા. ૫-૨-૮૫ ના પત્રાંક - ઉમશ/૧૨૮૪/૧૧૮૧૬/ગ-૧ થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જરૂરી સુચના આપવામાં આવેલ હોવા છતાં તેનું પાલન નહી થતું હોવાનું આ કચેરીના ધ્યાન પર આવેલ છે. શાળાના શૈક્ષણિક તથા શાળાકીય વાતાવરણને તંદુરસ્ત રાખવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને માધ્યમિક વિભાગમાં કાર્ય ન સોપાય તે જરૂરી છે. આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પુનઃસૂચના આપવામાં આવે છે કે ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ તાસ, સ્વાધ્યાય, મૂલ્યાંકન, પ્રશ્નપત્રોની તપાસણી, પરીક્ષા, વર્ગ, શિક્ષણ, ઈત્યાદિ કામગીરી સોંપવી તથા તેમના પગારધોરણ, કેડર તથા વિષયને અનુરૂપ ન હોય તેવી કામગીરી ફાળવવી નહીં. આ જ બાબત ઉદ્યોગ શિક્ષકો, કો-ઓર્ડીનેટર, મદદનીશ શિક્ષકો (પ્રયોગશાળા) તથા ફાજલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના કિસ્સાઓને પણ લાગુ પડે છે. જેની સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ નોંધ લઈ, ઘટતું કરવામાં જણાવવામાં આવે છે.

**સહી (ડૉ. ઈ.મ. પટેલ)**
**સંયુક્ત શિક્ષણ નિયામક,**
**૧૦ + ૨ ખાસ ઘટક, અમદાવાદ.**

●

## ભૂતકાળમાં થયેલ ઠરાવ જેવો જ પુનઃરક્ષણનો ઠરાવ કરવો અપીલ

**બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના**
**શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧**
**સચિવાલય, ગાંધીનગર**

**તા. ૧૫-૫-૨૦૦૧**

**વંચાણમાં લીધા :**

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૫-૯૪ નો ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૩-૨૫૩૩-ગ..૧
૨. શિક્ષણ વિભાગનો તા. ૩-૭-૯૫ નો ઠરાવ ક્રમાંક : ઉમશ - ૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧.
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૭-૧૦-૯૯ પત્ર ક્રમાંક : ઉમશ-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧

**આમુખ :**

ઉપર દર્શાવેલ આ વિભાગના તા. ૨૧-૫-૯૪ના ઠરાવથી તા. ૧૫-૪-૯૪ કે તે પહેલાં બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમાયેલ શિક્ષકો/કર્મચારીઓ કે જેમની ઓછામાં ઓછી એક વર્ષની એટલે કે ૩૬૫ દિવસની નોકરી થઈ હોય તેવા શિક્ષકો/ કર્મચારીઓને ફાજલ તરીકે ગણીને રક્ષણ આપવાનું ઠરાવવામાં આવેલ છે. તથા તા. ૧૬-૪-૯૪ કે તે પછી નિમણુંક પામેલા શિક્ષક/કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવશે નહીં, તેવું પણ ઠરાવવામાં આવેલ છે. તથા તા. ૧૫-૪-૯૪ સુધી નિમણૂંક પામેલ શિક્ષકો/ કર્મચારીઓ કે જેઓની નોકરી તે તારીખે એક વર્ષથી પૂરી થઈ હશે તેઓને સંજોગો ઉપસ્થિત થતાં છૂટા કરવામાં આવે તો તેઓનો ફાજલનું રક્ષણ આપવાની જોગવાઈઓ નક્કી કરવામાં આવેલ છે. વધુમાં ઉપર દર્શાવેલ ક્રમાંક : ૨ પરના આ વિભાગના તા. ૬-૭-૯૮ ના ઠરાવથી રાજ્યની સહાય લેતી બિનસરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/ શિક્ષકો/કર્મચારીઓને તેઓની નિમણૂંક જો તા. ૩૦-૬-૯૮ સુધીમાં થયેલ હોય તો તેવા ફાજલ થયેલ આચાર્યો / શિક્ષકો / કર્મચારીઓને (લઘુમતી શાળાઓ સહિત) તમામને રક્ષિત ગણીને તેઓને ફાજલ કર્મચારીઓને મળતાં લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે અને ઉપર ક્રમ : ૩ ઉપર દર્શાવેલ આ વિભાગના તા. ૨૭-૧૦-૯૯ના પત્રથી તા. ૩૦-૬-૯૮ સુધીમાં નિમણૂંક પામેલ અને નોકરીમાં જેને ૩૬૫ દિવસ પૂરા થયા હોય તેઓને જ ફાજલના રક્ષણનો લાભ મળશે, તેવી સૂચના બહાર પાડી છે અને તા. ૬-૭-૯૮ ના ઠરાવની જોગવાઈનો લાભ આપવો યોગ્ય થશે નહીં. તથા જે કર્મચારી/ શિક્ષકોની નિમણૂંક અને ભરતીની પ્રક્રિયા નિયમોનુસારની હોય તેઓને જ રક્ષિત ફાજલનો લાભ મળશે તથા ડી.ઈ.ઓ. એ એન.ઓ.સી./બહાલી આપી હોય પરંતુ રેશીયો બહારના અને લઘુ લાયકાતવાળા જે જેઓની નિમણુંક ખોટી રીતે થઈ હોય તેઓને ફાજલનો લાભ આપી શકાય નહીં અને તેઓની નિમણૂંક રદ થવા પાત્ર છે, તેવી પણ સૂચના બહાર પાડી હતી. આ બાબતમાં લઘુ લાયકાતવાળા અને રેશીયા બહારના શિક્ષકોને રક્ષણ આપવા સંદર્ભમાં શિક્ષક સંઘો તરફથી સરકારશ્રી સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે બિનસરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના લઘુલાયકાતવાળા અને રેશીયા બહારના શિક્ષકોને નીચેની શરતોએ ફાજલનું રક્ષણ આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તા. ૩૦-૬-૯૮ સુધીમાં નિમણુંક પામેલા લઘુ લાયકાતવાળા તથા રેશિયો બહારના તમામ શિક્ષકો જેમની નોકરીમાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેઓને ફાજલ તરીકેનું રક્ષણ મળી શકશે.

(૨) ૧૯૯૪ થી ૧૯૯૮ ની વચ્ચે તા. ૬-૭-૯૮ ના હુકમો અમલમાં આવતાં પહેલાં છૂટા થયેલા લઘુલાયકતાવાળા કે રેશીયો બહારના તેમજ ટ્રીબ્યુનલ/કોર્ટમાં હારી ગયેલ શિક્ષકોને આ રક્ષણ મળી શકશે નહીં.

(૩) ઠરાવની તારીખથી બે વર્ષ સુધીમાં લઘુલાયકાત ધરાવતા શિક્ષકોએ પૂર્ણ લાયકાત મેળવવાની રહેશે.

(૪) ક્રમ : ૩ મુજબની શરત પરિપૂર્ણ નહિ કરનાર શિક્ષકનું ફાજલનું રક્ષણ રદ થશે અને આપોઆપ

છૂટા થયેલ ગણાશે.

(૫) લઘુલાયકાત અને રેશિયો બહારના શિક્ષકોને ફાજલ કરનાર માતૃ સંસ્થાએ શાળામાં ભરતીના પ્રસંગે પ્રથમ આવા ફાજલ શિક્ષકોને સમાવવાના રહેશે.

(૬) લઘુ લાયકાત અને રેશીયો બહારના આ શિક્ષકોને શાળાઓની બિન શૈક્ષણિક જગ્યાઓ ઉપર મુકવામાં આવશે. જે તેમણે સ્વીકારવાની રહેશે. અન્યથા ફાજલ તરીકેનું રક્ષણ રદ થશે અને આપોઆપ છૂટા થયેલા ગણાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની નાણાં વિભાગની તા. ૨૧-૪-૨૦૦૧ ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(બી. કે. ભટ્ટ)**
**ઉપસચિવ, શિક્ષણ વિભાગ**

●

## અમદાવાદ શહેર જિ. શિ. દ્વારા ૨૦ વર્ષે ઉદ્યોગ શિક્ષકના પગાર અંગે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીને પત્ર

ક્રમાંક : જિશિએ/પે.ફી./૨૦૧૪-૧૫/૮૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમદાવાદ શહેર
બ્લોક એ - પ્રથમ માળ,
બુહમાળી ભવન - વસ્ત્રાપુર
અમદાવાદ-૩૮૦૦૫૨
તારીખ : ૦૬-૦૯-૨૦૧૪

પ્રતિ,
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,
(૧૦+૨ ખાસ ઘટક)
કમિશનરશ્રી શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય : ઉ.મા. માં ફરજ બજાવતાં ઉદ્યોગ શિક્ષકોના ઉ.પ.ધો. મંજુર કરવા બાબત**
**(શ્રી બી. બી. ત્રિવેદી, ઉદ્યોગ શિક્ષક)**
**સંદર્ભ : આપશ્રીની કચેરીના તા. ૨૫-૭-૧૪**
**ક્રમાંક : ઉમશ/ઉમા-૨/સંઘપ્રશ્ન/૨૦૧૪-૪૭૮૯**

**મહાશય,**

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વેના અનુસંધાને આપશ્રીની કચેરીના સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેના જિલ્લા હસ્તકમાં શારદા શિશુવિહાર ઉ.મા. શાળા, વેજલપુર, અમદાવાદ-૫૧ ની શાળા લાગુ પડતી નથી. સદર શાળા અમદાવાદ ગ્રામ્ય જિલ્લા હસ્તકમાં આવેલ છે.

અત્રેના જિલ્લાની કોઈ ઉ.મા. શાળાના ઉદ્યોગ શિક્ષકે નામ. ટ્રિબ્યુનલમાં અરજી દાખલ કરેલ નથી. તેમજ ચુકાદા સામે અપીલ કરવામાં આવેલ નથી. જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

**આપનો વિશ્વાસુ, જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ શહેર, અમદાવાદ**

●

## વર્લ્ડ ક્વોલીટી એજ્યુકેશન માટે રેલી

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ શ્રી પંકજભાઈ કે. પટેલ, મહામંત્રીશ્રી વિનોદ પટેલ, પૂર્વ પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ, જગદીશ ભટ્ટ પૂર્વ બોર્ડ સભ્યશ્રી કે. જી. પટેલ, નીતીન પંડ્યા, બોર્ડ સભ્યશ્રી જયંત ગડારા દિલ્હી ખાતે તા. ૧૯-૯-૧૪ ના રોજ યોજાયેલ UNITE FOR QUALITY EDUCATINOI FOR ALL. BETTER EDUCATION FOR A BETTER WORLD. "ગુણવત્તા સભર શિક્ષણ માટે એકત્ર થઈએ."

**"શ્રેષ્ઠ શિક્ષણ, શ્રેષ્ઠ જગત માટે"**

સમગ્ર દુનિયામાંથી પ્રતિનિધીઓ હાજર હતા.

**પ્રમુખ ગુ.રા.ઉ.મા, પંકજ કે. પટેલ**

બોર્ડના સભ્યશ્રીઓની રજુઆત
પટેલ પ્રકાશચંદ્ર ચંદુલાલ
બોર્ડ સભ્ય, (ઉ.માધ્યમિક સંવર્ગ)
ભરૂચ.
તા. ૨૧-૦૮-૨૦૧૪

પ્રતિ,
ચેરમેનશ્રી
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**પ્રસ્તાવો/પ્રશ્નો નીચે મુજબ છે.**

૧) ધો.૧૨ સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રોનું પરિરૂપ બદલવાનો પ્રસ્તાવ આપ સમક્ષ રજુ કરું છું.

હાલ દરેક પ્રશ્નપત્રમાં કુલ પાંચ કે છ વિભાગ પ્રશ્નવિભાગમાં હોય છે. નીચે મુજબ સુધારા કરવા વિનંતી.

| પ્રશ્નપત્ર વિભાગ | હાલ પ્રશ્નો | ગુણ | અપેક્ષિત સુધારા પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|---|
| વિભાગ-A | ૧૦ પ્રશ્નો (બહુવિકલ્પિ પ્રશ્નો) | ૧૦ | ૨૦ પ્રશ્નો (બહુવિકલ્પી પ્રશ્નો) | ૨૦ |
| વિભાગ-B | ૧૦ પ્રશ્નો (અતિ ટુંકા પ્રશ્નો) | ૧૦ | ૨૦ પ્રશ્નો (બહુવિકલ્પી પ્રશ્નો) | ૨૦ |
| વિભાગ-C | ૧૪ પ્રશ્નો (ટુકા પ્રશ્નો) | ૨૮ | ૧૦ પ્રશ્નો (બહુવિકલ્પી પ્રશ્નો) | ૨૦ |
| વિભાગ-D | ૦૯ પ્રશ્નો (ટુક નોંધ સ્વરૂપ) | ૨૭ | ૦૫ પ્રશ્નો (બહુવિકલ્પી પ્રશ્નો) | ૧૫ |
| વિભાગ-E | ૦૫ પ્રશ્નો (લાંબા પ્રશ્નો) | ૨૫ | ૦૫ પ્રશ્નો (બહુવિકલ્પી પ્રશ્નો) | ૨૫ |
| | **૪૮ પ્રશ્નો** | **૧૦૦** | **૬૦ પ્રશ્નો** | **૧૦૦** |

શિક્ષણ અને વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં યોગ્ય ફેરફાર પ્રસ્તાવ છે.

૨) મૂલ્યાંકન વખતે થતી નિમણૂંકમાં શૈક્ષણિક વર્ષનો અનુભવ પૂરેપૂરો ગણવાનો પ્રસ્તાવ રજૂ કરું છું.
- અગાઉના ઠરાવમાં જરૂરી સુધારા કરી નવુ મેરીટ બનાવવું. જેથી સિનિયર શિક્ષકોનો લાભ મળી શકે.

૩) મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર પર યોગ્ય નિતી નિર્ધારીત કરવાનો પ્રસ્તાવ
- કેટલાક મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રો પર કેન્દ્ર નિયામક દ્વારા એવું કહેવામાં આવે છે કે રોજની ત્રીસ (૩૦) ઉત્તરવહી તપાસો તો તમે જેટલા વાગે તપાસી રહેશો તેટલા વાગે તમને જવાની છુટ છે. આનાથી કેટલાંક પરીક્ષકો ખોટી ઉતાવળ કરી કામની ગુણવત્તાને જોખમાવી આખા પરીક્ષણ કાર્યની ગુણવત્તા અને વિશ્વસનીયતા ઘટાડે છે. જે લાંબા સમયગાળે શિક્ષણના હિતમાં નથી. માટે આ પ્રકારની છુટછાટ કોઈ ન લઈ શકે તેવી નિતી નિર્ધારિત કરવી.

૪) ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓ માટેનો પ્રસ્તાવ :

– ધો. ૧૦ પરીક્ષા પાસ થયા પછી બે વર્ષ પૂર્ણ થયા પછી જ ઓપન સ્કૂલમાં પરીક્ષા માટે ફોર્મ ભરી પરીક્ષા આપી શકે. એટલે ત્રી જા વર્ષે પરીક્ષા આપી શકે.

– ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓની માર્કશીટ અલગ હોવી જોઈએ તથા ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓની હોલ ટીકિટ (રસીદ) તથા માર્કશીટ પર "Open School Candidate" લખેલું જોઈએ.

– ઓપન સ્કૂલના વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા અલગ હોવી જોઈએ.

૫) વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો માટે તાલીમનો સમય બદલવાનો પ્રસ્તાવ રજુ કરું છું.

૬) ગ્રાન્ટેડ શાળા કેમ્પસમાં નોન ગ્રાન્ટેડ શાળાની મંજુરી ન આપવી. ભૂતકાળમાં આવી મંજુરી આપેલ હોય તેવી શાળાઓ સામે સ્થળ ફેરફાર કરવા નિયમાનુસાર ત્વરિત કાર્યવાહી કરવાનો પ્રસ્તાવ મુકેલ છે.

૭) અનુભવી શિક્ષકો માટે સહાયકના પાંચ વર્ષ અનુભવના ગણવાનો પ્રસ્તાવ રજૂ કરેલ છે.

તા. ૦૫-૦૯-૨૦૧૪ના શુક્રવારના રોજ મળેલ બોર્ડની સામાન્ય સભામાં પ્રશ્નો અને પ્રસ્તાવો પર ખૂબ જ ઉંડાણપૂર્વક ચર્ચા કરીએ.

– સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રમાં ગુણમાં અપેક્ષિત સુધારાની ચર્ચા શૈક્ષણિક સમિતિમાં લઈ જવી. ત્યાંથી જે નિર્ણય આવે તે માન્ય રાખવો.

– મધ્યસ્થ મૂલ્યાંકન વખતે નિમણુંકની બાબતમાં તેમાં શિક્ષકનો પુરેપુરો અનુભવ ગણવો. પરીક્ષા સમિતિમાં ચર્ચા કરી જે નિર્ણય આવે તે માન્ય રાખવો.

– ઓપન સ્કૂલના મુદ્દામાં બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી. જેની ચર્ચા ન થઈ.

– વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોની તાલીમ અંગે ઉગ્ર ચર્ચા થઈ.

તાલીમ અંગેનો નિર્ણય લેવાની જવાબદારી ચેરમેનશ્રીને આપી.

– સળંગ એકમ બાબતે ખૂબ જ ઉગ્ર બની ચર્ચા કરી. ભૂતકાળમાં થયેલી ચર્ચા યાદ કરાવી. તેના થયેલા જી.આર. વંચાવી લંબાણપૂર્વક ચર્ચામાં સમજાવીને સળંગ એકમની વાત અટકાવી શક્યા છીએ.

વધુ ચર્ચા થયા બાદ માધ્યમિક શિક્ષકનો ફક્ત રેશીયો વધારવાની વાત થઈ. તે પણ જ્યાં ૧-૧ વર્ગની માધ્યમિક શાળા હોય ત્યાં ૨નો રેશીયો કરવો.

**પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)** **જયંતિલાલ એન. ગડારા (રાજકોટ)**

**મહેશકુમાર એ. પટેલ (અમદાવાદ શહેર)** **કનુભાઈ એ. પટેલ (ભરૂચ)**




**૨૦૧૫ રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતા શિક્ષકશ્રીને અભિનંદન**

ડૉ. જયેશભાઈ એ. ઠક્કર

સરસ્વતી મંદિર હાઈસ્કૂલ, મણીનગર, અમદાવાદ.

અમદાવાદ શહેર કારોબારી સભ્ય, પૂર્વ. સીન્ડીકેટ તેમજ સેનેટ સભ્યશ્રી ગુજ. યુની. સભ્યશ્રી પાઠ્યપુસ્તક મંડળ સંશોધન સમિતિ અધ્યક્ષ.

## મહીસાગર જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ એચ. પંડ્યા | - પ્રમુખ |
| શ્રી જયંતિલાલ આર. પટેલ | - મંત્રી |
| શ્રી જયંતિભાઈ એસ. પટેલ | - ઉપપ્રમુખ |
| શ્રી દિનેશભાઈ એસ. પટેલ | - ઉપપ્રમુખ |
| શ્રી ઉમેશભાઈ જી. પંડ્યા | - સહમંત્રી |
| શ્રી હેતલભાઈ એમ. પરીખ | - સહમંત્રી |
| શ્રી રમેશભાઈ એસ. ખરાડી | - સહમંત્રી |
| શ્રી રમેશભાઈ જે. ચૌહાણ | - સંગઠન મંત્રી |
| શ્રી એસ. એસ. ગોસાઈ | - સંગઠન મંત્રી |
| શ્રી રાજેશભાઈ એસ. પટેલ | - ખજાનચી |
| શ્રી દિપકભાઈ એસ. પટેલ | - અન્વેષક |

## રાજકોટ જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી ધીરજલાલ આર. ટીલાળા | - પ્રમુખ |
| શ્રી ચંદુલાલ એ. હિંગરાજીયા | - ઉપપ્રમુખ |
| શ્રી લીલાભાઈ બી. કડછા | - મંત્રી |
| શ્રી દેવેન્દ્ર બી. દવે | - સહમંત્રી |
| શ્રી હિતેન્દ્ર બી. દવે | - સંગઠનમંત્રી |
| શ્રી પ્રવિણભાઈ એન. નંદાણીયા | - અન્વેષક |
| શ્રી પ્રવિણાબેન એચ. આટકોટીયા | - કોષાધ્યક્ષ |

## બનાસકાંઠા જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘના હોદ્દેદારો

| | |
|---|---|
| વિપુલ એચ. જોષી | – પ્રમુખશ્રી |
| ડૉ. રતુજી બી. રાણા | – ઉપપ્રમુખશ્રી |
| લાલજીભાઈ ચૌધરી | – ઉપપ્રમુખશ્રી |
| યુનુસઅલી ડી. મરેડીયા | – ઉપપ્રમુખશ્રી |
| ડૉ. રમેશભાી વી. પટેલ | – મહામંત્રી |
| રાજેશકુમાર જે. પ્રજાપતિ | – સહમંત્રી |
| બાબુજી સી. રાજપૂત | – સહમંત્રી |
| તેજશકુમાર સી. રાજપૂત | – કોષાધ્યક્ષ |
| મિનેષકુમાર જી. ચૌધરી | – અન્વેષક |

## પંચમહાલ જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | - પ્રમુખ |
| શ્રી કે. સી. જાકવાણા | - મંત્રી |
| શ્રી શશીકાન્ત સી. પાટીલ | - ઉપપ્રમુખ |
| શ્રી એલ. એમ. પટેલ | - ઉપપ્રમુખ |
| શ્રી જી. એસ. પટેલ | - સહમંત્રી |
| શ્રી પી. ડી. પરમાર | - સહમંત્રી |
| શ્રી એચ. આર. પટેલ | - સહમંત્રી |
| શ્રી રીતેશ એન. પટેલ | - સંગઠન મંત્રી |
| શ્રી પંકજભાઈ પટેલ | - સંગઠન મંત્રી |
| શ્રી જી. એચ. પટેલ | - સંગઠન મંત્રી |
| શ્રી એમ. કે. પટેલ | - ખજાનચી |
| શ્રી જે. એસ. પટેલ | - અન્વેષક |

## તાપી જિલ્લા ઉ.મા. શિક્ષક સંઘના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી ધનંજય એ. મકવાણા | - પ્રમુખશ્રી |
| શ્રી મિતુલભાઈ આઈ. ચૌધરી | - મહામંત્રીશ્રી |
| શ્રી દિલીપભાઈ બી. પંચાલ | - ઉપપ્રમુખશ્રી |
| શ્રી પ્રવિણભાઈ સોલંકી | - ઉપપ્રમુખશ્રી |
| શ્રી સુરેશચંદ્ર સી. પટેલ | - પ્રાદેશિક મંત્રી |
| શ્રી ભાવિનભાઈ શાહ | - સહમંત્રી |
| શ્રી નવીનભાઈ ગોહિલ | - સહમંત્રી |
| શ્રીમતી સ્મિતાબેન બી. ગામીત | - સંગઠન મંત્રી |
| શ્રી મનોજભાઈ એલ. પટેલ | - સંગઠન મંત્રી |
| શ્રી બિપીનભાઈ ચૌધરી | - કોષાધ્યક્ષશ્રી |
| શ્રીમીત વીણાબેન એમ. પટેલ | - અન્વેષકશ્રી |

**ગ્રંથાલયનું પત્રક**

પ્રતિ, જીલ્લા પ્રમુખશ્રી, મંત્રીશ્રી જીલ્લાના મહામંડળનો હોદ્દેદારશ્રી,

આપના જિલ્લામાં ડી.ઈ.ઓ. દ્વારા પરિપત્ર કરાવી નીચેની માહિતી મંગાવવા વિનંતી. જેથી '૯૫ પછી નવ વર્ષ પૂરા કરે તે ગ્રંથપાલને ૫૦૦૦નું પગાર ધોરણ મેળવવા ઉપયોગી માહિતી મળી શકે.

**ગ્રંથપાલનું પત્રક**

**ઉચ્ચતર માધ્યમિક વિભાગના ગ્રંથપાલોનો ઉચ્ચતર પગાર ધોરણ બાબત**

| ૧<br>ગ્રંથપાલનું નામ<br>મોબાઈલ નંબર | ૨<br>શાળાનું નામ સરનામું | ૩<br>નિમણૂંક તારીખ | ૪<br>નિમણૂંક સમયે<br>લાયકાત |
|---|---|---|---|
| | | | |
| ૫<br>નીમણુંક બાદ મેળવેલ<br>વધારાની લાયકાત<br>અને વર્ષ | ૬<br>નીમણુંક સમયે પગાર<br>ધોરણ | ૭<br>નવ વર્ષે પ્રથમ ઉચ્ચતર<br>પગાર ધોરણ ક્યારે અને<br>કયું મલ્યું | ૮<br>ROP ૯૮ પ્રમાણે નક્કી<br>થયેલ પગાર ધોરણ |
| | | | |

| ૯<br>છઠ્ઠા પગાર પંચ મુજબ નક્કી થયેલ પગાર<br>ધોરણે જુલાઈ-૧૪માં મલતું પગાર ધોરણ | ૧૦<br>પ્રથમ નવ વર્ષે ૪૫૦૦-૭૦૦૦ ની જગ્યાએ<br>૫૦૦૦-૮૦૦૦ પગાર મળવા પાત્ર થાય તો<br>તફાવતની રકમ જુલાઈ-૨૦૧૪ સુધી |
|---|---|
| | |

ઉપરોક્ત માહિતી દિન-૭માં મોકલી આપવી જીલ્લા શિક્ષણાધિકારશ્રી જે તે જિલ્લો

---

**ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૨૦૧૪ રાજ્ય પારિતોષીક એવોર્ડ વિજેતા શિક્ષકશ્રીઓને અભિનંદન**

(૧) શ્રી નટવરલાલ વિઠ્ઠલ લાડાણી, શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સેકટર-૨૩, ગાંધીનગર

(૨) શ્રી રામભાઈ શિવદાન ચારણ, ઉચ્ચતર માધ્યમિક ઉત્તર બુનીયાદી વિદ્યાલય, મું. વૃંદાવન (નનાનપુર), તા. હિંમતનગર, જી. સાબરકાંઠા

(૩) શ્રી પિયુષકુમાર મોહનલાલ જોષી, એસ. સી. ડબલ્યુ હાઈસ્કૂલ, ડીસા, જી. સાબરકાંઠા

(૪) શ્રી મનીષકુમાર મોતીલાલ પટેલ, નૂતન વિદ્યાવિહાર, ઘાટલોડીયા, અમદાવાદ.

ચારેય શિક્ષકશ્રીને અભિનંદન, આપશ્રી પણ જુદી જુદી પ્રવૃત્તિઓની માહિતી આપની રાખી, સહ અભ્યાસ પ્રવૃત્તિ, આપે કરેલ કામગીરી લેખન-પરામર્શન - તાલીમની કામગીરીના દસ્તાવેજ રાખી એવોર્ડ માટે અરજી કરી શકો છો.

- હાયસ મેસેજ, પરિવાર.

## એન્ટ્રી લેવલ પે અંગે કરેલ પુનઃ રજૂઆત

તા. ૧૯-૯-૧૪

**પ્રતિ, ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ**
**શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

**વિષય : એન્ટ્રી લેવલે પે સ્કેલનો અમલ તમામ જિલ્લામાં કરવા અંગે**

મા. સાહેબશ્રી,

જય જય ગરબી ગુજરાત સાથે જણાવવાનું કે તા. ૧૪-૯-૧૧ ના રોજ નાણાં વિભાગ દ્વારા રાજ્યના તમામ કર્મચારીને એન્ટ્રી લેવલ પે સ્કેલનો લાભ આપેલ છે. તે અનુસાર રાજ્યના ૧૬ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એન્ટ્રી લેવલ પે સ્કેલનો લાભ ગ્રાન્ટેડ ઉચ્ચતર મા. શાળાના ઉચ્ચતર શિક્ષકો અને આચાર્યશ્રીને આપેલ છે. પરંતુ ફક્ત નવ જીલ્લાના શિક્ષણાધિકારીશ્રીએ તેનો અમલ કર્યો નથી. (અમદાવાદ શહેર, અમદાવાદ જિલ્લો, મહેસાણા, કચ્છ, ગાંધીનગર, ભરૂચ, નર્મદા, અમરેલી, સુરેન્દ્રનગર) જે અંગે નીચેની બાબતો ધ્યાને લઈ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

એન્ટ્રી લેવલ પે સ્કેલ છઠ્ઠા પગારપંચની આનુષાંગિક બાબત છે.

નાણાં વિભાગની મંજૂરીથી શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૬-૪-૦૯ના રોજ ઠરાવમાં સ્પષ્ટ જણાવેલ છે કે છઠ્ઠા પગારપંચને આનુષાંગિક બાબતોનો સીધો અમલ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી કરી શકશે.

ગ્રેડ પે નો લાભ સરકારી કર્મચારી સાથે ગ્રાન્ટેડ શાળાના કર્મચારીને નાણાં વિભાગના તા. ૨૫-૧-૧૧ના ઠરાવથી આપેલ છે. એન્ટ્રી લેવલ પે સ્કેલ ગ્રેડ પે આધારિત જ છે.

તા. ૧૪-૯-૧૪ના એન્ટ્રી લેવલ પે સ્કેલના ઠરાવમાં ગ્રેડ પેની સામે કયુ પગાર ધોરણ મળે (પે બેન્ડ) તે અનુસૂચિ ખ માં સુધારો કરેલ છે. આ અનુસૂચિ સરકારી કર્મચારી સાથે ગ્રાન્ટેડ શાળાના કર્મચારીને આપોઆપ (ગ્રેડ પે લાગુ પાડ્યો માટે) લાગુ પડે છે. માટે એન્ટ્રી લેવલનો લાભ મળે.

એન્ટ્રી લેવલ પે સ્કેલ, અંગે છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયથી શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ સચિવશ્રી, શિક્ષણમંત્રીશ્રી, નાણાં સચિવશ્રી નાણામંત્રીશ્રીને રજૂઆત કરેલ છે. છતાં તેનો ઉકેલ આવ્યો નથી. જેથી તાકીદે આ ન્યાયી માંગણીનો ઉકેલ લાવવા વિનંતી.

**પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ ,ગુ.રા.ઉ.મહામંડળ**

•

## ખાનગી શાળામાંથી સરકારી નોકરીમાં જાય તો છેલ્લા પગારના રક્ષણ અંગે

તા. ૨૨-૯-૨૦૧૪

પ્રતિ,
**શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

**વિષય : અનુદાનીત માધ્યમિક ઉચ્ચ. માધ્ય. શાળાના શિક્ષકોને સરકારી નોકરી / જિલ્લા પંચાયતની નોકરીમાં છેલ્લા પગારનું રક્ષણ આપવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે અનુદાનીત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકશ્રી જીલ્લા પંચાયત / સરકારી - શિક્ષણ વિભાગ સરકારી નોકરીમાં જોડાય તો તેના છેલ્લા પગારનું રક્ષણ આપવું.

અગાઉ પેન્શન માટે આ સર્વીસ જોડવા અંગેના ઠરાવ થઈ ગયેલ છે. તા. ૧૦-૯-૨૦૧૪ના રોજ પ્રાથમિક વિભાગમાં અનુદાનીત શાળામાંથી કોઈ શિક્ષક જીલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં જોડાય તો તેની સેવા તમામ હેતુસર જોડી આપવામાં આવેલ છે. તેવી જ રીતે અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને જીલ્લા પંચાયતની સેવામાં / સરકારી સેવામાં જોડાયતો તેના છેલ્લા પગારને રક્ષણ આપવું જોઈએ. આ અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર,

**પંકજભાઈ કે. પટેલ,**
**પ્રમુખ**
**ગુ.હા.ઉ. મહામંડળ**

•

## ૯-૨૦-૩૧ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે જ ઉચ્ચતર પગારનો લાભ આપવા અંગે

**તા. ૨૨-૦૯-૨૦૧૪**

પ્રતિ,
**ધનંજય ત્રિવેદી**
**સચીવશ્રી, સામાન્ય વહીવટીય વિભાગ,**
**ગુજરાત રાજય**

**વિષય : જ્યારે ૯-૨૦-૩૧ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે જ ઉચ્ચતર પગારનો લાભ આપવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે સી.સી.સી. ની પરીક્ષા ઉમેદવારને આપવી હોય છતાં કેન્દ્રની સુવિધા કે પરીક્ષા લેવાની સુવીધા ન હોવાને કારણે ઉમેદવાર પરીક્ષા આપી શકેલ નથી. પરીક્ષા આપવાની બાંયેધરી સાથે પણ ઉચ્ચતર પગાર ધોરણ મેળવી લીધેલ છે તેને પણ સી.સી.સી. ની પરીક્ષા માટે અરજી કરી હોવા છતાં પરીક્ષા લીધેલ નથી.

ઉપરોક્ત કિસ્સામાં ઘણા જીલ્લા શિક્ષણાધિકારીશ્રી કે લોકલ ફંડ અધિકારીશ્રી સીસીસીની પરીક્ષા પૂર્ણ થાય બાદ ૯-૨૦ નું ઉચ્ચતર પગાર ધોરણ આપે છે માટે સીસીસીની પરીક્ષા પાસ કરવી અનિવાર્ય પરંતુ જ્યારથી ૯ કે ૨૦ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે જ ૯-૨૦ નો લાભ આપવા વિનંતી.

આભાર,

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.હા.ઉ. મહામંડળ**

## ફિક્સ પગારી કર્મચારીઓને મુસાફરી ભથ્થાં અંગે

ઉચ્ચકવેતન/ફિક્સવેતનથી કરાર આધારિત
નિમાયેલા વ્યક્તિઓને ટી.એ./ડી.એ. અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૩-ઓ. ૧૫૬૫-ચ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૮-૦૯-૨૦૧૪

**વંચાણે લીધો :**

**(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૨-૧૧૮૦-ચ- તા. ૧૯-૦૯-૨૦૦૨**

નાણા વિભાગના તા. ૧૯-૦૯-૨૦૦૨ ના પરિપત્રથી ઉચ્ચક વેતન/ફિક્સ વેતનથી કરારીય ધોરણે અને / અથવા ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓ સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુસાફરી કરે તો તેઓને હાલમાં દૈનિક ભથ્થા તરીકે મુખ્ય મથકની બહાર છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ રૂા. ૧૫/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂા. ૩૦/- મળવાપાત્ર છે. આ બાબતમાં સંપૂર્ણ વિચારણાને અંતે હાલમાં મળતાં દૈનિક ભથ્થામાં વધારો કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુખ્ય મથક બહારના પ્રવાસ માટે મુખ્ય મથકની બહારના મથકે છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ માટે રૂા. ૫૦/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂા. ૧૦૦/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. મુસાફરી ખર્ચ માટે રાજ્ય એસ.ટી. નિગમની બસનું ભાડુ અને જો રેલ્વે દ્વારા પ્રવાસ કરવામાં આવ્યો હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટૂકામાં ટૂકા રૂટનું રેલ્વે ભાડું મળવાપાત્ર થશે.

આ ઠરાવ ગ્રાન્ટ - ઈન - એઈડ સંસ્થાઓ તેમજ બોર્ડ / નિગમોના કરારીય કર્મચારીઓને પણ લાગુ પડશે.

આ ઠરાવ તેની રવાનગી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
ઉપસચિવ, નાણા વિભાગ

•

## સ્ટેપીંગ અપનો લાભ જે ઉ.મા. શિક્ષકોને પણ મલી શકે છે.

સ્ટેપીંગ અપ મંજુર કરવા અંગેની વિચારણા
અર્થે સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર, નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૪-યુ.ઓ. ૫૧૮-ચ
સચિવાલય, ગાંધીનગર.

**તારીખ : ૧૭-૦૯-૨૦૧૪**

**વંચાણમાં લીધા :**

**(૧) નાણાં વિભાગને તા. ૮-૫-૧૯૭૦નો ઠરાવ ક્રમાંક : પીજીઆર-૨૪૭૦-૪૯૦-ચ**

**(૨) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૧**

**ઠરાવ :**

ઉપરોક્ત વંચાણમાં લીધેલ ઠરાવ ક્રમાંક (૧) તથા ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જ્યારે કોઈ કર્મચારી / અધિકારીશ્રીને ઉપલી જગા ઉપર નિમવામાં આવતાં, તેની સમકક્ષ કે ઉપલી જગા ઉપર પાછળથી નિમણુંક આપી હોય તેવા નીચલી ગ્રેડમાં તેમના જુનિયર કર્મચારીના પગાર કરતા તેમનો તે સંવર્ગમાં પગાર ઓછો નક્કી થાય તો તેવા સિનિયર કર્મચારી / અધિકારીનો પગાર વધારીને તેમના જુનિયર કર્મચારીને જે તારીખે ઉપલી જગા ઉપર બઢતી મળી હોય તે તારીખથી તેમનો પગાર, ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૧ તેમજ નાણા વિભાગના તા. ૮-૫-૧૯૭૦ ના ઠરાવની શરતો મુજબ જૂનિયરના નક્કી કરવામાં આવેલ પગાર બરાબર કરી આપવામાં આવે છે. આમ છતાં સેમી ડાયરેકટર પરીક્ષા તેમજ ઉચ્ચતર પગાર ધોરણની યોજના તેમજ કેટલાક અન્ય કારણોસર જૂનિયર કર્મચારી કરતાં સિનિયર કર્મચારીનો પગાર ઓછો નક્કી થાય ત્યારે, પગારમાં ઉદભવતી વિસંગતતા નિયમોનુસાર દૂર કરવાની મુશ્કેલી ઉદ્ભવે છે. જેના નિરાકરણ માટે નીચે જણાવેલ સભ્યશ્રીઓની બનેલ એક સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અગ્ર સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ

(૨) અગ્ર સચિવશ્રી (ક.ગ.). સામાન્ય વહીવટ વિભાગ

(૩) સંયુક્ત સચિવશ્રી (ક.ગ.). સામાન્ય વહીવટ વિભાગ

(૪) સંયુક્ત સચિવશ્રી (સેવા), નાણા વિભાગ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ.ડી.સેઈલર)**
**સંયુક્ત સચિવ, નાણા વિભાગ**

---




**દિલ્હી વલ્ડ ક્વોલીટી એજ્યુકેશન રેલીમાં પંકજભાઈ પટેલ, વિનોદ પટેલ, જગદીશ ભટ્ટ, જયંત ગડારા, નીતીન પંડ્યા, કે. જી. પટેલ, પિયુષ શાહે હાજરી આપી હતી જે દષ્ટિ ગોચર થાય છે.**

**ઓલ ઈન્ડિયા ટીચર્સ ફેડરેશન સાથે જોડાણના ભાગ રૂપે આ રેલીમાં સ્વખર્ચ સહભાગી આપણે થયા હતા. ફેડરેશનના મહામંત્રી શ્રી ધર્મ વિજય પંડીતે રેલીને સંબોધન કર્યું હતું.**